CITY પલ્સ
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૬ જૂન, ૨૦૨૬
મજ્જેની LIFE




# ગણપતિ બાપ્પા મોર્યાની ગુંજ માટે તૈયાર સુરત: શરૂ થઈ ગઈ ભવ્ય તૈયારીઓ

તમે અત્યારે ગણેશ ઉત્સવની કાગડોળે રાહ જોતા ઘણા ગણેશ ભક્તોના મોબાઈલ ફોનના સ્ટેટ્સમાં ગણેશજીના આગમનને કેટલાં દિવસ બાકી છે તે ગણેશજીની મૂર્તિ સાથે મુકાતું હોવાનું જોતાં હશો. સુરત સિટીમાં આ વખતે ગણેશ ઉત્સવ અદ્દભૂત અને અકલ્પનિય જોવા મળશે. ગણેશજીના ભવ્ય આગમન માટે, પંડાળ ડેકોરેશન, મૂર્તિ વિ. માટે ઘણો ખર્ચ અત્યારથી જ થવા લાગ્યો છે. જાન્યુઆરીમાં માઘી ગણેશ બાદથી જ 14 સપ્ટેમ્બરથી શરૂ થતા ગણેશ ઉત્સવ માટે મૂર્તિ બનાવવાના ઓર્ડર, પંડાળ ડેકોરેશન, ઢોલ તાશાના મોટાભાગના એડવાન્સ બુકીંગ ફેબ્રુઆરીથી શરૂ થઈ ગયા હતાં. આ વખતે તો ગણેશજીની પ્રતિમાઓનું આગમન ઓગસ્ટના પહેલાં અઠવાડિયાથી જ શરૂ થઈ જશે. સુરતમાં ગણેશ ઉત્સવ માટે વધતો ક્રેઝ જોઈને હવે તો મુંબઈના મૂર્તિકારોએ સુરતમાં તેમના વર્કશોપ શરૂ કર્યા છે. ચાલો, આ વખતનો ગણેશ ઉત્સવ આપણે પણ આ લેખના માધ્યમથી એડવાન્સમાં માણીએ......

## મટકી ફોડ, છડી નોમ અને ગણેશ આગમનનો ભાગળ પર સંયોગ

5 સપ્ટેમ્બરે ડી.કે.એમ. હોસ્પિટલ માર્ગ તરફથી 20થી 22 ગણેશજીની પ્રતિમાઓનું આગમન થશે, જે ભાગળ ચાર રસ્તા તરફ વળશે. બીજી તરફ આમ તો 4 સપ્ટેમ્બરે જન્માષ્ટમી છે પણ મટકી ફોડનો મુખ્ય કાર્યક્રમ ભાગળ ચાર રસ્તા પર 5 સપ્ટેમ્બરે સાંજે 6 વાગે થશે અને આજ દિવસે છડી નોમની છડી ભાગળ ચાર રસ્તા તરફથી નીકળશે એટલે આ એક અનોખો સંયોગ થશે. વળી, આ વખતે ઓગસ્ટના પહેલાં વીકથી જ ગણેશ પ્રતિમાઓનું આગમન શરૂ થઈ જશે જેથી ગણેશજીના આગમન બાદ થીમ બેઝડ પંડાળ ડેકોરેશન માટે ઓછામાં ઓછા 20થી 25 દિવસનો સમય રહે.



## ગણેશ ઉત્સવ 11 દિવસનો રહેશે, વિસર્જન 12માં દિવસે

સામાન્ય રીતે ગણેશ ઉત્સવ 10 દિવસનો હોય છે પણ આ વખતે 11 દિવસ સુધી બાપ્પાની ભક્તિ થઈ શકશે. વિશાલ સોનીએ જણાવ્યું કે, આમ તો વિનાયક ચોથ 15 સપ્ટેમ્બરે છે પણ આ વખતે ત્રીજ પર ચોથ આવે છે જે ચિત્ર નક્ષત્ર છે. આ વખતે 14 સપ્ટેમ્બર સોમવારથી ગણેશ ઉત્સવનો પ્રારંભ થશે અને 25 સપ્ટેમ્બરે વિસર્જન થશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ વખતે ભક્તોને બે મંગળવાર ગણેશજીની ભક્તિ માટે મળશે. વળી, અધિક માસ હોવાથી ગણેશ ઉત્સવનો પ્રારંભ 15 દિવસ લેટ છે. વિસર્જનની વાત કરીએ તો ગયા વર્ષે દોઢ દિવસ વિસર્જન પ્રક્રિયા થઈ હતી. આ વખતે મોટી મૂર્તિઓની સંખ્યા વધારે હોવાથી વિસર્જન બે થી અઢી દિવસ સુધી ચાલવાની ધારણા છે.

## બેંજો અને ઢોલ તાશાની પ્રેક્ટિસ એપ્રિલ-મેથી શરૂ થઈ ગઈ

બેંજો એટલે લાઈવ ડ્રમર હોય, કેસીયો હોય અને બેંજો ઈન્સ્ટ્રુમેન્ટ હોય છે. અક્ષયભાઈ શિંદે દ્વારા જણાવવામાં આવ્યું કે, બેંજો માટે પણ એડવાન્સમાં ચારથી પાંચ મહિના પહેલાં બુકીંગ થઈ ગયું છે, અને બેંજો, ઢોલ-તાશા વગાડવા માટેની પ્રેક્ટિસ પણ એપ્રિલ-મેથી શરૂ થઈ ગઈ છે.



## પાટ પૂજન અને લોરી પૂજનનાં નવા ટ્રેન્ડ



હવે ગણપતિ ઉત્સવમાં બે નવા ટ્રેન્ડ ઉમેરાયા છે. પાટ પૂજન અને લોરી પૂજન પણ એક દિવસનો ઉત્સવ થઈ ગયો છે. ગત 14 જૂનના રોજ સહારા દરવાજા ચા મહારાજા ગણપતિ માટે બેન્જો, લાઈટ્સ, ડ્રમર, ડી.જે.ના આકર્ષણ સાથે ગણેશજીની મૂર્તિ જે પાટ પર બને છે તેનું પૂજન ઉત્સવ ધામધૂમથી થયો હતો. હવેની જનરેશને પાટ પૂજન ઉત્સવ સાથે ગણપતિની મોટી પ્રતિમા લોરી પર બને તેના પૂજનનું પણ હવે ફંક્શન થાય છે. મોટા મંડળો દ્વારા બેન્જોની ધૂન, ઢોલ પથક, તાસાની ધૂન વચ્ચે લોરી પૂજન ગણેશ ઉત્સવના ત્રણેક મહિના પહેલા થાય છે.



## મુંબઈના મોટા મૂર્તિકારો સુરતમાં મૂર્તિ બનાવવા આવી ચુક્યા છે

છેલ્લાં કેટલાક વર્ષોથી સુરતના મોટા મંડળોમાં મુંબઈથી ગણેશજીની મોટી મૂર્તિઓ લાવવાનો ક્રેઝ છે. પરંતુ તે દરેક મંડળને પોષાતું નથી. ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો, ત્યાંથી અહીં સુધી મૂર્તિ લાવવામાં લગભગ 48 કલાક નીકળી જાય. આ ટ્રેન્ડને ધ્યાનમાં રાખી આ વર્ષે મુંબઈના 4 મોટા મૂર્તિ કલાકારો ફેબ્રુઆરીથી સુરતમાં જ વર્કશોપ ઉભી કરીને મૂર્તિઓ ક્રિએટ કરી રહ્યાં છે. તેમના પેઈન્ટર ગણેશ ઉત્સવ પ્રારંભના 20-25 દિવસ પહેલા સુરત આવીને મૂર્તિને પેઈન્ટ કરશે.

## 32 ફૂટ સુધીની 300થી 350 પ્રતિમાઓ રહેશે

હવે નાની મૂર્તિઓ કરતા મોટી મૂર્તિઓ લાવવાનો ક્રેઝ વધ્યો છે. આ વખતે 300 થી 350 જેટલી મૂર્તિઓ 10 ફૂટથી લઈને 32 ફૂટ સુધીની બનશે. આમાંથી લગભગ 90થી 100 જેટલી મૂર્તિઓ મુંબઈના મૂર્તિકારો બનાવશે. એવું કહેવાય છે કે આ વખતે લગભગ 80 હજાર નાની મૂર્તિઓની સ્થાપના થશે અને 40થી 50 હજાર મોટી મૂર્તિઓની સ્થાપના સાથે ગણેશ મૂર્તિઓની સંખ્યામાં ગયા વર્ષની સરખામણીમાં લગભગ 20 ટકાનો વધારો થશે.

## ફેબ્રુઆરી-માર્ચમાં જ ઢોલ તાશાનું ઘણુ બુકીંગ થઈ ગયું

ગણપતિ બાપ્પાનું આગમન ભવ્ય અને ધમાકેદાર તો હોય જ. આગમનમાં ઢોલ તાશા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર હોય છે. ઢોલને લાકડી વડે વગાડવામાં આવે છે તો તાશા જે વાટકી આકારનું હોય તેને બે પાતળી લાકડીઓ વડે ખૂબ ઝડપથી અને તાલબદ્ધ રીતે વગાડવામાં આવે છે. આ બંને વાદ્ય વગાડનાર કલાકારોના સમૂહને પથક કહેવાય છે. જગદીશભાઈ કનોજે દ્વારા જણાવવામાં આવ્યું કે, ઢોલ પથક માટે જાન્યુઆરીથી બુકીંગ ચાલુ થઈ ગયું હતું અને ફેબ્રુઆરી-માર્ચમાં તો 50 ટકા એડવાન્સમાં બુકીંગ થઈ ગયું હતું અને હજી પણ રોજના 15-20 મંડળ ઢોલ પથક બુકીંગ માટે કોલ કરતા જ હોય છે.



## થીમ બેઝડ મંડપ ડેકોરેશનના એડવાન્સ બુકીંગ

ગણેશ ઉત્સવમાં પંડાળમાં ડેકોરેશનનું કામ કરતા જાવેદભાઈ સૈયદે જણાવ્યું કે, આજની જનરેશનને ડેકોરેશન વધારે પસંદ છે. પહેલાં ગણેશ ઉત્સવમાં પંડાળમાં વધારે તો ફલાવર ડેકોરેશન થતું પણ હવે થીમ બેઝડ ડેકોરેશન થવા લાગ્યું છે અને મોટાભાગના મંડળો ડેકોરેશન કરાવતા જ હોય. થર્મોકોલનું ડેકોરેશન વધારે હોય. ડેકોરેશન માટેનું બુકીંગ ચારથી પાંચ મહિના પહેલાં જ થઈ જાય છે કેમકે પછી કારીગર મળવા મુશ્કેલ થઈ જાય. આ વખતે પણ 90 ટકા જેટલું બુકીંગ તો થઈ જ ગયું છે.



# હેલ્થ સાથે ટેસ્ટનો સંગમ: ફાસ્ટ ફૂડના મેનુમાં અવકાડો છવાયું

FOOD ફંડા

અવકાડો જેને બટર ફ્રુટ પણ કહેવામાં આવે છે તે એક સુપરફૂડ પણ છે જે હેલ્ધી ફેટ્સ, ફાઈબર અને વિટામિન્સથી ભરપૂર હોય છે. સુરતીઓ સ્ટ્રીટ ફૂડ અવકાડો ટોસ્ટ તો ખૂબ ખાઈ ચુક્યા છે. હેલ્થ પ્રિય અને કાંઈક નવું શોધતા સુરતીઓને ચટપટી ચાટ, નમકીન અને સ્વીટ વૉફલ પણ ખાવા હોય છે. ફિટનેસ પ્રિય લોકો માટે અને સ્વાદ શોખીન સુરતીઓ માટે અવકાડોનો ઉપયોગ કરીને એવા ફાસ્ટ ફૂડ તૈયાર કરાયા છે જે તેમને લઝીઝ તો લાગે છે સાથે હેલ્થ બેનિફિટસ્ પણ આપે છે. તો ચાલો અવકાડોના ટ્રેન્ડિંગ ફાસ્ટ ફૂડની રસીલી અને સ્વાદિષ્ટ વાતો અહીં કરીએ...

## અવકાડો પાપડી ચાટ, ચના ચાટ અને સાલસા ચાટ સુરતીઓની પસંદ

ચાટનું નામ લેતા જ યુવતીઓ તેને ખાવા તલપાપડ થતી હોય છે. તેમાં હવે અવકાડો ચાટ પણ ઘણી વેરાયટીમાં મળે છે. અવકાડો પાપડી ચાટમાં દહીં, મીઠી અને ગ્રીન ચટણી, સેવ અને દાઢમના દાણા એડ કરાયા હોય એટલે એ ટેસ્ટી જ લાગે. અવકાડો સાલસા ચાટ પાપડ અથવા ચિપ્સ સાથે ખાવામાં આવે છે.





## અવકાડો વૉફલ વીગન લોકો વધારે પસંદ કરે છે

આજના યંગસ્ટર્સ પોતાના મિત્રો સાથે બહાર ફરવા નીકળે એટલે વૉફલનો સ્વાદ લેતા હોય છે. આ એક હેલ્ધી અને ફ્યુઝન બ્રેકફાસ્ટ છે. અવકાડોને ક્રશ કરીને વૉફલ પર લગાવામાં આવે છે. અવકાડો વૉફલ વીગન અને બ્રન્ચ શોખીનોમાં પોપ્યુલર છે. આ વૉફલ બે પ્રકારના મળે છે નમકીન અને સ્વિટ. અવકાડોના ક્રીમી ટેક્સચર વાળા વૉફલ ડાર્ક ચોકલેટ અને બેરીઝ સાથે પેર કરવાથી ડિલિશ્યસ લાગે છે.

## સુરતીઓ હવે વરસાદમાં અવકાડો ભજીયા માણશે

વરસાદ ચાલુ થાય એટલે સુરતીઓ તો ડુમસ ચા સાથે ટામેટાના ભજીયા અને રતાળુ પુરી ખાવા દોડી જાય. સુરતીઓ તો જાતજાતના ભજીયા વરસાદી સીઝનમાં બનાવી ખાતા હોય છે. ખાવા પીવામાં કાંઈક યુનિક શોધતા સુરતીઓ અવકાડોના ભજીયાનો વરસાદી સિઝનમાં ટેસ્ટ લઈ રહ્યા છે. અવકાડોના ભજીયા પણ પરંપરાગત રીતથી બનાવાય છે. આ ભજીયા તો યંગસ્ટર્સ સાથે વયસ્ક લોકો પણ ખાવાનું પસંદ કરી રહ્યાં છે.



## અવકાડો પાઉંભાજીમાં ગુડ ફેટ્સ હોય છે



અવકાડો પાઉભાજી એક ફ્યુઝન અને પૌષ્ટિક ડિશ ગણાય છે. પારંપરીક પાઉભાજીમાં બટાકાનો ભરપૂર ઉપયોગ થતો હોય છે પણ અવકાડો પાઉભાજીમાં બટાકાની જગ્યાએ અવકાડોનો ઉપયોગ થતો હોય જે ગુડ ફેટ અને ફાઈબરથી ભરપૂર હોય છે. વજન ઘટાડી રહેલા અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત લોકો આ પાઉભાજી ખૂબ ટેસ્ટથી ખાઈ રહ્યાં છે.



## અવકાડો વેજ શામી કબાબ સ્વાદમાં બેમિસાલ હોય છે

પારંપરિક કબાબની જેમ જ આ અવકાડો વેજ શામી કબાબ ટેસ્ટી હોય છે. આ કબાબમાં એવોકાડોના ગુડ ફેટ્સ હોવાથી હેલ્થ ફ્રીક લોકોમાં પ્રિય છે. આ કબાબ અંદરથી ખૂબ જ ક્રીમી અને મુલાયમ બને છે. તો ઉપરથી ખૂબ ક્રિસ્પી હોય છે.